**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૭૨ ટકા

# શહેરમાં દિવાળીના પગલે પોલીસનો એકશન પ્લાન

ગાંધીનગર, તા.૨૦

દિવાળીના પર્વને ગતણતરીના કલાકો બાકી રહ્યા છે, ત્યારે ગાંધીનગરમાં ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ તંત્ર દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરાયો છે. દિવાળીના દિવસોમાં ગામડે જતા નાગરીકોના ઘરને ચોર ઈસમો ખાસ કરીને ટાર્ગેટ કરે છે જેને પગલે ચોરીના બનાવમાં વધારો નોંધાય છે. તો બીજીતરફ તાજેતરમાં આંગડીયા અને જવેલર્સના માલિકોને લઈ એક બેઠક યોજાઈ હતી. જેમાં આંગડીયાના માલિકોને મોટી રકમ ટ્રાન્સફર કરતા સમયે પોલીસ દ્વારા પ્રોટેકશન પુરુ પાડવામાં આવશે. જયારે સે-૨૧, ૭ અને ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાં ગામડે જતા નાગરીકોના મકાન સલામત રહે તે માટે સાઈરનવાળા લોક આપવામાં આવશે. જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ડિપોઝીટ લઈને નાગરીકોને સાઈરનવાળા લોક મળશે. સાઈરનવાળા લોકની ખાસિયત છે કે જો કોઈ વ્યકિત તેને તોડવાનો પ્રયત્ન કરે તો તે સાઈરન જોરજોરથી વાગી ઉઠશે.

શહેરમાં ચોરીના બનાવો દિવસે ને દિવસે વધી રહ્યા છે. ચોર ઈસમો દ્વારા બંધ મકાન તેમજ બંગલાઓ ને ટાર્ગેટ કરવામાં આવે છે. પાટનગરમાં મોટાભાગના નાગરીકો દિવાળીના તહેવારમાં વતનની વાટે જતા હોય છે. ત્યારે આ સમયે તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકતા હોય છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા દિવાળીના તહેવારમાં ચોરીના બનાવ અટકાવવા માટે તમામ પોલીસ સ્ટેશનના પીઆઈને પેટ્રોલીંગમાં ખાસ ધ્યાન આપવા માટે સુચના આપવામાં આવી છે.જયારે સાઈબર કેસ વધી રહ્યા છે, તે અંગે નાગરીકોને જાગૃત રહેવા માટે પણ અપીલ કરાઈ છે. ત્યારે કોઈપણ પ્રકારની પુછપરછ વિના આંગડીયા પેઢીના કર્મચારીઓ અને જવેલર્સના માલિકોને મોટી રકમ એક સ્થળે બીજા સ્થળે સલામતીપૂર્વક લઈ જવા માટે પોલીસ પ્રોટકશન આપશે. જયારે બંદુકધારી પોલીસની જરુર હશે તો તે પણ ફાળવવામાં આવશે તેમ ડીવાયએસપી એમ.કે.રાણાએ જણાવ્યું હતું. જેથી શહેરમાં દિવાળીના દિવસોમાં ચોરીના બનાવોમાં ચોક્કસ ઘટાડો નોંધાય તેમ લાગી રહ્યું છે.

## એનઆઈસીએમ-એસજેપીઆઈના પૂર્વ વિદ્યાર્થી જુનાગઢથી પોતાના વિદ્યાર્થીઓને લઈને મુલાકાતે આવ્યા



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ નજીક સ્થિત એનઆઈસીએમ-એસજેપીઆઈ એમબીએ કોલેજમાં જુનાગઢ ખાતેની નોબલ ઈન્સ્ટિટીયુટના વિદ્યાર્થીઓ ગઈકાલે મુલાકાતે આવ્યા ત્યારે અનોખું રિ-યુનયન પણ રચાયું હતું કેમ કે આ વિદ્યાર્થીઓને લઈને મુલાકાતે આવનારા તેમની સંસ્થાના મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. જય તલાટી ખુદ એનઆઈસીએમ-એસજેપીઆઈ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચુકયા છે ડૉ. જય તલાટીએ પોતે જયાંથી મેનેજમેન્ટના ગુણોનો અભ્યાસ કર્યો હતો ત્યાં પોતાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક મુલાકાતે લાવી માર્ગદર્શન અપાવવા પ્રયાસ કર્યો હતો.

જુનાગઢની નોબલ ઈન્સ્ટિટયુટના મેનેજમેન્ટ વિદ્યાર્થીની મુલાકાતના પ્રસંગે એનઆઈસીએમ-એસજેપીઆઈના ડિરેકટર ડૉ. બી.કે. નિર્મલ અને પ્રો. યશ ભટ્ટે વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને તેમના સહિત સંસ્થાના અન્ય પ્રાધ્યાપકોએ પણ આ મુલાકાતી વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યુ હતું. સમગ્ર મુલાકાતમાં કોલેજના પ્રાધ્યાપક ડૉ. હરિશચંદ્રસિંહ રાઠોડે પથદર્શન કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે એનઆઈસીએમ-એસજેપીઆઈ સંસ્થામાં અભ્યાસ કરી ચુકેલા અનેક પૂર્વ વિદ્યાર્થીઓ જેઓ વિવિધ સ્થળે શૈક્ષણિક એકમોમાં જયાં કાર્યરત છે તેઓ તેમના વિદ્યાર્થીઓને ઉજજવળ કારકિર્દીના માર્ગદર્શન અર્થે એકવાર સંસ્થાની મુલાકાતે અચુક લઈને આવે છે.

## પેથાપુર ચોકડી પાસે કાર-દ્વીચક્રી વાહન વચ્ચે અકસ્માત

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ચોકડી થી રાંધેજા તરફના માર્ગ પર ડિવાઈડર પૂર્ણ થાય ત્યાં કટ પાસે ગતરોજ બપોરના સુમારે કાર-આલ્ફા ટુ-વ્હીલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટુ-વ્હીલર ચાલકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ભુપેન્દ્ર ભાવસીંગ પવાર ઉં.વ.૨૫ પેથાપુર ખાતે આવેલા શાંતમ બંગ્લોઝમાં ભાડેથી રહે છે અને સે-૨૮ ખાતે સાંઈ ગેરેજ ખાતે પોતાના પિતા સાથે ગેરેજનુ કામ કરે છે. તેમના ગેરેજમાં જી.જે.૧૬. એ.એ.૩૪૩૯ નંબરની કાર રીપેરીંગમાં આવી હતી અને તે કાર લઈને ભુપેન્દ્ર ઘરે ઝેક અને ટોમી લેવા માટે ગયો હતો. ત્યારબાદ રાંધેજા તરફના માર્ગ પર આવેલા કટ પાસે વળાંક લઈ રહ્યો હતો તે સમયે પાછળથી ટુ-વ્હીલર ચાલકે પાછળથી જોરદાર અથડાવતા અકસ્માત સર્જાયો હતો. યુવકને ઈજા પહોંચતા ૧૦૮ બોલાવી સારવાર માટે મોકલી આપ્યો હતો. બનાવને પગલે આસપાસના નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસ કેસ નોંધાતા પોલીસ તપાસ શરુ કરી છે.

## સેકટર-૧૩ ખાતેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૩એ પ્લોટ નં.૭૦૦-૧ ખાતે રહેતી અમિષા કનુભાઈ ચાવડા ઉં.૨૦ પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૧૫ કોલેજ ખાતે બીકોમમાં અભ્યાસ કરે છે. તેણીએ તાજેતરમાં જ કોલેજ અભ્યાસ માટે આવન જાવન માટે એકટીવાની ખરીદી કરી હતી. આ એકટીવાનો નંબર પણ હજુ આવ્યો નથી ત્યારે ગત તા. ૧૨ના રોજ રાત્રીના ૧૨.૧૫થી સવારના ૬ વાગ્યા ઉઠીને જોયું તો એકટીવા ત્યાં હાજર ન હતું. એકટીવા ચોરીની ફરીયાદ બાદ એકટીવાનું સ્માર્ટકાર્ડ ઘરે આવતા એકટીવાનો નંબર જી.જે.૧૮.ડી.એફ.-૬૨૨૫ આવ્યો છે. એકટીવા અંગે ખાનગી શોધખોળ કર્યા છતા ન મળી આવતા તેણીએ સેકટર-૭ પોલીસ મથકે એકટીવા ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લાયોનેસ-લાયન્સ કલબ દ્વારા કેન્સરગ્રસ્ત બાળકોને પ્રોટીન પાવડરનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના લાયન્સ કલબ અને લાયોનેસ કલબ દ્વારા તાજેતરમાં સેવાકીય પ્રવૃતિઓના ભાગરૂપે અમદાવાદ સ્થિત એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલના પિડીયાટ્રીક વિભાગમાં દાખલ ૫૦ જેટલાં કેન્સરગ્રસ્ત બાળકોને તેમના સ્વાસ્થ્યની જાળવણીના હેતુસર પ્રોટીન પાવડરના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સભ્યોએ દિવાળીના પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતા આ બાળકોને ઈશ્વર જલ્દીથી સ્વસ્થ કરી દે તે માટે પ્રાર્થના વ્યક્ત કરી હતી અને તેમનું આગામી જીવન પ્રકાશમય બને તેમજ સારા સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ બને તેવી ભાવના સાથે તેમને દીવડાંની પણ ભેટ આપવામાં આવી હતી.



## વાવોલમાંથી રીક્ષાની ચોરી

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના બામણવાસમાં રહેતા અને મુળ મોટી કિસોલ તા.વિરમગામના છનાભાઈ સવજીબાઈ સાપરા ઉં.વ.૪૫ રીક્ષા ચલાવે છે અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ ગત તા. ૩૦ ના રોજ રાત્રીના ૧૦.૩૦ કલાકે રીક્ષા ઘરની સામે આવેલા શનિદેવ મંદિરની પાસે પાર્ક કરી હતી. ત્યારબાદ જમી પરવારીને સુઈ ગયા હતા, બીજા દિવસે સવારે ૮ વાગે ઉઠીને રીક્ષા મુકી હતી તે સ્થળે લેવા જતા રીક્ષા મળી ન હતી. ત્યારબાદ નવરાત્રી ચાલતી હોવાથી છનાભાઈ ગામડે વિરમગામ ગયા હતા. આજ દિન સુધી શોધખોળ કરવા છતા રીક્ષા ન મળતા આખરે તેઓએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

- **વોર** ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
- **છીછોરે** ૧.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૭.૦૦
- **લાલ કપ્તાન** ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૧૫
- **ડ્રીમગર્લ** ૧.૧૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)** ૭.૩૦
- **ઘોસ્ટ** ૧૧.૩૦, ૮.૦૦
- **પી સે પ્યાર એફ સે ફરાર** ૨.૧૫
- **જોકર (અંગ્રેજી)** ૫.૧૫, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **લાલ કપ્તાન** ૧.૨૫, ૭.૨૦, ૧૦.૩૦
- **ઘોસ્ટ** ૧૧.૨૫, ૪.૩૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)** ૮.૦૦
- **વોર** ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૪.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૧૦.૨૦, ૧૦.૩૦
- **જોકર (અંગ્રેજી)** ૧૦.૦૫, ૨.૫૫, ૭.૫૦, ૧૦.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **લાલ કપ્તાન** ૯.૦૦, ૩.૧૫, ૬.૩૫, ૯.૪૫
- **ઘોસ્ટ** ૯.૩૫, ૨.૫૫, ૧૦.૫૦
- **પી સે પ્યાર એફ સે ફરાર** ૧૨.૧૫, ૫.૩૫
- **લાઈફ મેં ટાઈમ નહીં કે કીસી કો** ૧૧.૩૫
- **વોર** ૯.૪૫, ૧૨.૦૦, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૯.૦૫, ૧૦.૦૫
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૯.૪૫, ૩.૦૫, ૬.૦૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)** ૯.૪૫
- **જોકર (અંગ્રેજી)** ૧૨.૪૫, ૮.૧૫

# બજારમાં મળતી ‘માવા’ની મિઠાઈ કેટલી ‘ખાવા’ યોગ્ય?

### દિવાળીના તહેવારોમાં ઝડપાયેલા નકલી માવાના કારોબાર અંગેના અહેવાલો અંગે મિઠાઈ ખરીદતા પહેલા જાણી લેવા જરૂરી : કયાંક આપણે નકલી અને અખાદ્ય ચીજવસ્તુઓ આરોગીને ‘કેન્સર’ જેવા મહારોગોના ભોગ તો નથી બની રહ્યા ને?

ગાંધીનગર, તા.૨૦

‘ચાલતુ હશે કાંઈ, દિવાળીમાં આવ્યા છો, મ્હોં મીઠું તો કરવું જ પડે ને?’ આ પ્રકારના સંવાદો દિવાળી-નૂતન વર્ષના તહેવારોમાં ઘરે ઘરે સંભળાશે, અને હોંશે હોંશે એક બીજાને મિઠાઈ ખવડાવવા આગ્રહ કરાશે. દિવાળીને જો દિપોત્સવનો તહેવાર કહીએ તો નૂતન વર્ષને મિઠાઈનો તહેવાર ગણવો પડે એટલી મિઠાઈ આપણે ‘કારતક’ મહિનામાં આરોગીએ છીએ. અત્યારના રેડીમેડના યુગમાં હવે તો મોટા ભાગની મિઠાઈઓ બજારમાંથી તૈયાર ખરીદી લાવવાનું ચલણ છે કેમ કે એમાં પણ ‘બ્રાન્ડ’ અનુસાર ‘સ્ટેટસ’ દેખાડવાની હોડ હોય છે, પરંતુ શું આપણે જાણીએ છીએ કે બાજારમાં તૈયાર મળતી મિઠાઈ કેટલી આરોગ્યપ્રદ છે? એમાં પણ મોટા ભાગની મિઠાઈ દૂધની બનાવટો જેવી કે માવો, ઘી, પનીર કે ચીઝ વગેરેના ઉપયોગથી બનલી હોય છે પરંતુ ખરેખર આ મિઠાઈઓ શુધ્ધ દૂધ કે દૂધની શુધ્ધ બનાવટોના ઉપયોગથી જ બનાવાયેલી હોય છે? આ સપ્તાહમાં જ લગભગ તમામ અખબારો-સામાચાર માધ્યમોમાં ચમકેલા કેટલાક સમાચાર આ બાબતે ચેતવણીરૂપ છે અને એટલે જ કદાચ વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ ભવિષ્ય ભાખ્યું છે કે ‘વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતમાં દરેક ઘરમાં ૨ થી ૩ કેન્સરના દર્દી હશે તેવું જણાય છે.’




તાજેતરમાં ગુજરાત સરકારના ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ વિભાગે રાજયભરમાં મિઠાઈ કે તેના માટેનો માવો બનાવતી ફેકટરીઓમાં દરોડા પાડયાં અને ૪૫ ઉત્પાદકોને ફુડ સેફટી એકટની કલમ ૬૩ મુજબ લાયસન્સ રદ કરવાની નોટીસ આપી સીલ કર્યા છે જેમાં સૌથી વધુ એકમો મહેસાણ જિલ્લામાં ૨૧, અમદાવાદ જિલ્લામાં ૮ અને ત્રીજા નંબરે ગાંધીનગર જિલ્લામાં ૬ એકમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જુનાગઢ, ભાવનગર, સુરત, વડોદરા સહિતના જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે. એકલા નરોડામાંથી ૬ એકમોને કલોઝર નોટીસ અપાઈ છે જેમાં રૂ. ૫.૩૦ લાખનો ૪૫૭૩ કિલો અખાદ્ય જથ્થો ઝડપાયો છે. નરોડા ઉપરાંત કઠવાડા, ઝાંક, બાપુનગર, ત્રાગડ તેમજ ગાંધીનગર જિલ્લામાં દહેગામ, ગોઝારિયા, વલાદ, ફિરોજપુર, જેઠીપુર વગેરે સ્થળોનો સમાવેશ થાય છે. મોટા ભાગની ફેકટરીઓમાંથી ‘મીઠી બરફી’ના નામે વેચાતો નકલી માવો ઝડપાયો છે. દેશભરમાં ‘મીઠી બરફી’ના નામે ધુપ્પલ ચાલી રહ્યું છે. મીઠી બરફીનો સંગ્રહ કરવા પર આરોગ્ય વિભાગે પ્રતિબંધ મુકયો હોવા છતાં તેને ઘોળીને પી જવાય છે. મીઠી બરફીને કીડી પણ ખાતી નથી તેવી મીઠી બરફીના નામે લાયસન્સ મેળવી નકલી માવાની હેરફેરનો મસ મોટો કાળો કારોબાર ધમધમી રહ્યો છે જે તમારી મારી તહેવારની ખુશીઓનો વેપાર કરી બદલામાં ‘કેન્સર’ તથા તેના જેવી ઘાતક બિમારીઓ સાથે ફીમાં આપી જવાની એક પ્રકારની છુપી સ્કીમ જ સાબિત થશે તેમાં બેમત નથી. ગુજરાતમાં અંદાજે ૧૫૦થી વધુ એકમો મિઠાઈના ઉત્પાદનમાં કાર્યરત છે જેમાંથી એક અંદાજ મુજબ આ દિવાળીમાં ૧૫ લાખ કિલોથી વધારે નકલી માવો ગુજરાતના અન્ય પડોશી રાજયોમાં જવાનો છે એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દિવાળી સમયે દર વખતે ‘દેખાડવા’ પુરતી કવાયતના ભાગરૂપે ૧ થી ૨ ટકા નકલી માલ પકડી કાર્યવાહી કરે છે જયારે બાકીનો વહીવટ થઈ જાય છે અને જે ફેકટરીઓને કલોઝર નોટીસ આપી સીલ કરવામાં આવી હોય છે તે થોડા દિવસ પછી મોટે ભાગે રાત્રીના સમયે ચાલુ થઈ જાય છે. આ આક્ષેપના સમર્થનમાં એક દલીલ એવી પણ છે કે આ જ કારણથી ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ વિભાગના ‘કેટલાંક’ કર્મચારીઓની એક જ જગ્યાએ ૯ વર્ષ થઈ જવા છતાં અગમ્ય કારણોસર તેમની બદલી પણ નથી કરાતી અને ટેલ્કમ પાવડર યુકત મીઠી બરફી અંગેની ફરિયાદ બે વર્ષ સુધી દબાવી રાખવામાં આવી હતી.





ફુડ સેફટી એન્ડ સ્ટાન્ટર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે એફએસએસએઆઈના એક રિપોર્ટ મુજબ દેશભરમાંથી દૂધના લેવાયેલા ૬૪૩૨ સેમ્પલ જે ૧૧૦૩ શહેરોમાંથી લેવાયા હતા તે પૈકી ૪૦.૫ ટકા સેમ્પલ પ્રોસેસ્ડ દૂધના અને બાકીના કાચા દૂધના હતા જેમાંથી પ્રોસેસ્ડ દૂધના ૩૭.૭ ટકા સેમ્પલ ફેઈલ થયા છે. એફએસએસએઆઈ જણાવે છે કે પ્રોસેસ્ડ દૂધમાં માત્ર ૧૦.૪ ટકા સેમ્પલમાં ફરિયાદ નહોતી અને કાચા દૂધમાં માત્ર ૪.૮ ટકા દૂધ જ યોગ્ય હતું. દૂધની તપાસમાં લઘુત્તમ આરએમ વેલ્યુ ૨૮ હોવી જોઈએ તેના કરતા નકલી દૂધમાં માત્ર ૦.૬ કે ૦.૯ જેટલી જ આરએમ વેલ્યુ માલુમ પડી હતી. માત્ર દૂધ જ નહી લોટ, બેસન, ચીઝ, પનીર પણ નિમ્ન ગુણવત્તાવાળા પ્રાપ્ત થઈ રહ્યા છે. બજારમાં ‘બટર’ના નામે જે પીળા રંગનો પદાર્થ જોવા મળે છે તેમાં મોટા ભાગનો ફેટ અને પામોલીન તેમલાંથી બનેલ ‘માર્ગારિન’ હોય છે. નકલી માવો બનાવવા સિન્થેટિક પાવડર ટેલ્કમ પાવડર, પામોલિન તેલ, વનસ્પતિ ઘી, ફેટ, દૂધનો પાવડર, સસ્તી ખાંડ ઉપરાંત હવે તો ‘હાયડ્રો’ નામનું કેમિકલ પણ વપરાઈ રહ્યું છે. ઉત્તરપ્રદેશમાં તો એક જગ્યાએ ફરસાણમાં કોઈ મૂર્તિને ચઢાવાયેલું લાલ રંગનું સિંદૂરવાળું તેલ ઝડપાયું હતું. ગુજરાતમાં અનેક ફેકટરીઓ પાસે તો એફએસએસએઆઈના લાયસન્સ પણ નથી. નકલી માવો બનાવતી ફેકટરીઓમાં એક જ ધ્યેય હોય છે સસ્તું કેવી રીતે કરવું બસ. અહીં કારીગરો નથી હેન્ડગ્લોવઝ કે પગના બુટ પહેરતા નથી, નથી તેમનું કોઈ હેલ્થ ચેકઅપ કરાતું. ખરેખર તો માવો એક કે બે દિવસમાં ઉપયોગમાં લેવો પડે તેને બદલે ૧૫-૨૦ દિવસ કોલ્ડ સ્ટોરેજમાં પડી રહે છે અને જો ત્રણેક મહિના થઈ જાય અને ખાટો પડવા માંડે તો બીજા નવા માવા સાથે મિકસ કરીને ઉપયોગમાં લેવાય છે. તેની હેરફેર પણ ઈન્સ્યુલેટેડ વ્હિકલનો બદલે ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસો, ટ્રકો, ટેમ્પા, જીપો વગેરેમાં કરાય છે. માવાને ‘બરફી’ તરીકે બતાવી ‘સેમ્પલ’ પાસ કરાવી લેવાય છે અને ફ્રોઝન માવાનું વેચાણ કરવામાં આવે છે.

હવે સવાલ એ થાય છે કે તો દિવાળી જેવા તહેવારોમાં કરવુ શું? મિઠાઈ આરોગ્યા વગર થોડું ચાલશે? તો જવાબ છે કે શકય હોય તો માવાની મિઠાઈ ઘરે માવો બનાવીને જ બનાવવી અથવા વિશ્વાસપાત્ર દુકાનથી જ માવો ખરીદવો જેને પુછી લેવું કે આ માવો કયારે બનાવ્યો છે કેમ કે એ તમારો અધિકાર છે. માવો કે દૂધ અસલી છે કે નકલી તે જોવાના હાથવગા પ્રયોગો ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે જેમ કે માવાને નખ પર ઘસીને ઘીની સુગંધથી અથવા હથેળીમાં રગળીને ગોળી બનાવતા જો નકલી હોય તો ગોળી તુટી જશે જેવા પ્રયોગોથી ઓળખી શકાય છે. દૂધને હલાવતા ખૂબ ફીણ થાય તો તેમાં ડિટર્જન્ટ મળેલું હોઈ શકે છે. દૂધ અને માવામાં આયોડીન સોલ્યુશનના ટીંપા નાખી જો તેનો રંગ ભૂરો-વાદળી થઈ જાય તો તે નકલી હોવાની ખબર પડી જાય છે. જો આપણે જાતે જ જાગૃત નહીં થઈએ તો રાજયભરમાં નકલી માવા ઉત્પાદકોની ઊંઘ હરામ કરનાર ગાંધીનગરના વ્હિસલ બ્લોઅર સમા દીપક વ્યાસને તો સીધી પતાવી દેવાની ધમકીઓ મળી છે પરંતુ આપણે તો વગર ધમકી મળે ‘કેન્સર’થી પતી જઈશું તેની ખબર પણ નહીં પડે... જાગો ગ્રાહક જાગો.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com